R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬
અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com
તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 19•ISSUE: 28 DATE: 11-07-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## મધ્યપ્રદેશનું વ્યાપમં કૌભાડમાં ૪૮ બલિનો ચઢાવો છતાં મુખ્યમંત્રી શિવરાજસિંહે તપાસને નકારી રહ્યા છે

મધ્યપ્રદેશના વ્યાપમં કૌભાંડ બાબતે ચારે બાજુએથી શોર મચ્યો છે.અત્યાર સુધીમાં ૪૮ જેટલા લોકોના બલિ ચઢી ગયા છે.પુરાવા આપનારાના અપમોત થયા છે.સીબીઆઇ દ્વારા તપાસની માંગણી કરી રહેલા વિપક્ષોને મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી દાદ આપતા નથી.કોગ્રેસના નેતા દિગ્વિજયસિંહ અને ત્રણ વ્હિસલ બ્લોઅર દ્વારા સુપ્રીમ કોર્ટની સીધી દેખરેખમાં આ કૌભાંડની તપાસ સીબીઆઇ મારફતે કરાવવાની માંગ કરાઇ છે.સુપ્રી કોર્ટ આ અરજીની સુનાવણી આગામી દિવસોમાં કરશે.આ દરમિયાન વડાપ્રધાનની કચેરી દ્વારા આ કૌભાંડમાં આટલા બધા શંકાસ્પદ મોતો માટે આઇબીને રીપોર્ટ આપવાનુ જણાવાયું છે.હવે વડાપ્રધાનની કચેરી દ્વારા વિગતો મંગાવાતા મધ્યપ્રદેશના મુખ્યમંત્રીનું વલણ થોડુક કુણું પડ્યું હોવાનું મનાય છે.

જોકે મધ્યપ્રદેશના મુખ્યમંત્રીને બચાવવા માટે કેટલાક મંત્રીઓ અને ભાજપના નેતાઓ નિવેદનો આપવામાં આવી રહ્યા છે.પરંતુ આ કૌભાંડના સંડોવાયેલ લોકોના હાથ એટલા બધા મજબુત છે કે તેઓએ પુરાવા રુપે સાક્ષઓનો ખાતમો બોલાવી દીધો છે.કોર્ટમાં પુરાવા માટે જતાં લોકો ડરે છે તે એટલા માટે કે સત્તા પર બેઠેલા અને માલેતુજાર લોકો પોતાના પર ડાઘના લાગે તેના માટે થઇને ગમે તે હદ સુધી જઇ શકે છે.

તાજેતરમાં એક સાધુ બાવા વિરુધ્ધ મજબુત પુરાવા આપનારા સાક્ષીઓની છડેચોક હત્યાઓ થઇ છે.પોલીસ આ બધો ખેલ લાચાર બનીને જોઇ રહી છે.કાનુન નામનુ હથિયાર કોઇ કામમાં આવતું નથી.ગુનેગારો જેલમાં બેઠા બેઠા તેમના વિરુધ્ધ પુરાવા આપનારા લોકોની હત્યા કરતાં અચકાતાં નથી.એજ મધ્યપ્રદેશની બાબતમાં બની રહ્યું છે. આ કૌભાંડ એટલું મોટું છે કે તેમાં અનેક મોટા લોકોની સંડોવણી છે.આ કૌભાંડમાં પુરાવા આપનારા આટલા બધા સાક્ષીઓની હત્યા થઇ જાય અને સરકાર,ન્યાયતંત્ર અને કાયદાના રખેવાળોની ઉંઘના ઉડે તો આ ક્યા પ્રકારની લોકશાહી કહેવાય.યુપીએની સરકારમાં પકડાયેલા ગુનેગારો ધીમે ધીમે જેલોમાંથી બહાર આવી રહ્યા છે.

## દયાને આધારે નોકરીમાં રાખવા માટે કોઇપણ કાયદામાં સુધારો કરી શકાય નહી. ગુજરાતના રમખાણગ્રસ્તો માટે સુપ્રીમ કોર્ટનો આદેશ



ગુજરાતમાં ૨૦૦૨માં થયેલા સાંપ્રદાયિક રમખાણોના પીડીતોને કે તેમના આશ્રિતોને કે સંતાનોને દયાને આધારે નોકરીમાં ન રાખી શકાય તેમ સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું.આ સંદર્ભમાં કેન્દ્ર કે રાજ્ય સરકારને કોઇ સુચના આપવાનો સુપ્રીમે ઈન્કાર કર્યો હતો. જસ્ટીસ અનિલ આર.દવે અને કુરીયન જોસેફની બનેલી બેન્ચે કહ્યું હતું કે આ સંદર્ભમાં એક કાયદો અસ્તિત્વમાં છે. દયાને આધારે નિયુક્તિનો આદેશ આપવા કે નોકરીમાં રાખવા માટે કોઇપણ કાયદામાં સુધારા કરી શકાય નહી.આથી અમો આદેશ આપીએ છીએ કે આ પ્રકારે શક્યતા નથી.

બેન્ચે કહ્યું હતું કે કોઇ રમખાણગ્રસ્તને આવી સુવિધા આપવામાં આવી હોય તો જ્યાં સુધી કાનુની પ્રક્રિયા દ્વારા કોઇ ઉપાય શોધવામાં આવે ત્યાં સુધી તેને સરકારી નોકરી આપવામાં આવશે તેવી ખાતરી આપી શકાય નહીં.સાથોસાથ આ ભયાનક ઘટના થયાને ૧૩ વર્ષ વીતી ગયા છે તેનુ પણ ધ્યાન રાખવું પડે.કેન્દ્ર સરકાર વતી એડી.સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બેન્ચ સમક્ષ રજુઆત કરી હતી કે રમખાણ ગ્રસ્તોને રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા નીતિઓને આધારે વળતર આપવામાં આવ્યું છે. આ સમયે ગુજરાત હાઇકોર્ટના નિર્દેશોનું પણ પાલન કરવામાં આવ્યું છે.મહેતાના જણાવ્યા મુજબ સરકારે રમખાણગ્રસ્તોના આશ્રિતોને ઈન્ટેલિજન્સ બ્યુરો તેમજ સીઆઇએસએફમાં નોકરી માટે કેટલીક સુવિધા આપી હતી અને મહત્તમ વય મર્યાદામાં પાંચ વર્ષની છુટ આપવામાં આવી હતી. આમ છતાં કોઇપણ ઉમેદવાર તેનો લાભ લેવા આગળ આવ્યા ન હતા.

અગાઉની યુપીએ સરકારે ડિસેમ્બર ૨૦૧૩માં રજુ કરાયેલ એફીડેવીટને ટાંકીને મહેતાએ કહ્યું હતુ કે ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ તેમજ ટ્રેઈનીંગ દ્વારા દયાને આધારે નોકરી આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે.કારણ કે આ નોકરી એક અલગ વર્ગના સરકારી કર્મચારીઓ માટે છે.

## સરકારી યોજનામાં આવકનો દાખલો ત્રણ વર્ષ સુધી ચાલશે

ગુજરાત સરકારના તમામ ૨૬-એ ૨૬ વિભાગો અન તેના હેઠળના બોર્ડ,કોરપોરેશન,નિગમો,મંડળોની તમામ પ્રકારની યોજનાઓમાં હવેથી એક વખત કઢાવેલો આવકનો દાખલો ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. બક્ષીપંચની જ્ઞાતિઓ માટે જેમ એક વર્ષ કઢાવેલું ક્રિમિલેયર સર્ટી. ત્રણ વર્ષ સુધી ચાલી શકે છે. તેમ આવકના પ્રમાણપત્ર માટે પણ મુખ્યમંત્રી સ્તરેથી સરળીકરણ નિર્ણય કરવામાં આવ્યો છે.વહીવટ સરળીકરણ અંગે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તંત્રને જે દિશા નિર્દેશ આપ્યા છે તેની પરિપાટીએ પ્રમાણપત્રો કઢાવતી વખતે રજુ કરવાના થતાં પુરાવા સ્વ પ્રમાણિત એટલે કે સેલ્ફ એટેસ્ટેશન કરવાનો નિર્ણય મહત્વરુપ છે.તેનાથી આગળ વધતા હવે વાર્ષિક આવકના પ્રમાણપત્રના કિસ્સામાં જે તે વ્યક્તિ જ્યારે જ્યારે કોઇ પણ વર્ષમાં લાભ લે ત્યારે નવેસરથી વાર્ષિક આવકનો દાખલો રજુ કરવાનો રહે છે.હવેથી દરવર્ષે એકની એક વહીવટી પ્રક્રીયામાંથી પસાર થવામાં તમામને મુક્તિ આપવામાં આવી છે. આ નિર્ણયથી પ્રમાણપત્ર આપનાર અધિકારી, તંત્રના કાર્યબોજનું ભારણ ઘટશે.બીજી તરફ નાગરિકો,લાભાર્થી વિદ્યાર્થીઓનો સમય અને તેમના આવતો વાર્ષિક ખર્ચ પણ બચશે. જેનો લાભ લાખો નાગરિકોને થશે

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## રાષ્ટ્રગીતમાંથી ‘અધિનાયક’ શબ્દ હટાવવા માટે કલ્યાણસિંહના માંગણી

રાજસ્થાનના ગર્વનર કલ્યાણસિંહે ભારતના રાષ્ટ્રગીતમાંથી અધિનાયક શબ્દ હટાવવાની માંગણી કરી છે અને તેને સ્થાનં મંગલ ગાયે શબ્દ ઉમેરવાની માંગણી કરી છે.કલ્યાણસિંહે કહ્યું હતું કે સ્વતંત્રતા પહેલાના સમયમાં અધિનાયક શબ્દનો ઉપયોગ અંગ્રેજી શાસકોની પ્રશંસા કરવા માટે થતો હતો. જન ગણ મન અધિનાયક જય હે... માં અધિનાયક શબ્દનો કોના માટે ઉપયોગ કરાયો છે.બ્રિટિશરોના જમાનામાં તેનો ઉપયોગ અંગ્રેજી શાસકોના ગુણગાન ગાવા માટે થતાં હતા.હવે તેના સ્થાને જન મન મંગલ ગાયે શબ્દનો પ્રયોગ કરવાનો તેમણે અનુરોધ કર્યો હતો.

રાજસ્થાન યુની.ના ૨૬માં પદવીદાન સમારંભમાં તેઓ બોલી રહ્યા હતા ત્યારે તેમણે કહ્યુ હતું કે રાષ્ટ્રગીતના રચયિતા રવિન્દ્રનાથ ટાગોર માટે સંપુર્ણ માન છે. પણ રાષ્ટ્ર ગીતમાં અધિનાયક શબ્દને બદલે મંગલ શબ્દનો ઉપયોગ કરવાની જરુર છે.વધુમાં તેમણે કહ્યુ હતું કે રાણા પ્રતાપ દેશ માટે પ્રેરણારુપ હતા. તેથી તેમના નામની આગળ ગ્રેટ શબ્દનો ઉપયોગ કરવો જોઈએ.રાણી વિકટોરીયા નહી પરંતુ ઝાંસીની રાણી ગ્રેટ હતા. ઓરંગઝેબ ગ્રેટ નહોતા પણ શિવાજી ગ્રેટ હતા.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ભારતીય જનતા પાર્ટી સત્તા પર આવી ત્યારબાદ તેમના કાર્યકરો,નેતાઓ દ્વારા કેટલાક વિવાદોને સ્થાન આપવામાં આવ્યું છે.કેટલાકને બંધારણ ગમતું નથી. કેટલાકને બિનસાંપ્રદાયિકતા ગમતી નથી. કેટલાકને લઘુમતિઓ ગમતી નથી.વિગેરે વિગેરે. હમણાં એક સદી પહેલાં કિવવર રવિન્દ્રનાથ ટાગોરે જે ગેરસમજનું ખંડન કર્યું હતું તે ફરી વિવાદનો  વિષય બની છે. જનગણમન..માંથી અધિનાયક શબ્દને દુર કરવાની માંગણી થઈ છે.માંગણી કરનાર ઉત્તર પ્રદેશના ભુતપુર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહ જે હાલમાં રાજસ્થાનના રાજયપાલ છે તેમણે કરી છે.તેમના આ નિવેદનથી એક નવો વિવાદ ઉભો થયો છે.તેમનું કહેવું છે કે અધિનાયક શબ્દ તે વખતે અંગ્રેજ શાસકો માટે લખાયેલ.આ રાષ્ટ્રગીતની રચના એક સદી  પુર્વે થઈ હતી.આ વિવાદ એટલો જુનો છે.કવિવરે આ શબ્દ વિશે ગેરસમજ દુર કરતાં એ વખતે કહ્યું હતું કે અધિનાયક શબ્દ કોઈ અંગ્રેજ શાસક વિશે નથી પણ આપણી રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક નિયતિનો તે નિયંતા છે. જે આદિકાળથી આપણા વિજય અને પરાજયમાં આપણું માર્ગદર્શન કરતો રહ્યો છે.ટાગોર જો અંગ્રેજોને ખુશ કરવા ઈચ્છતા હોત તો તે જ વખતે આટલી સ્પષ્ટતા ન કરત.આ ક્રમમાં નામ લખી સ્પષ્ટ કહે છે ભારતનો ભાગ્ય વિધાતા ક્યારેય કોઈ જ્યોર્જ પંચમ વગેરે ન હોઈ શકે.વિચારીએ કે આટલુ સ્વંય રવિન્દ્રનાથે કહ્યું તે પછી વિવાદની કઇ જરુર પડી ?

ભારતીય જનતા પાર્ટીના લોકોને મુળભુત રીતે ઈતિહાસની પણ બાબતમાં ગેરસમજો ઉભી કરવાની આદત છે.તેઓ મુળ સ્થિતિથી વાકેફ ન હોવાથી અનેક વખતે તેઓએ ગેરસમજો ફેલાવેલી છે.સાંભળેલી વાતો,કથાઓ અફવા પર આધારિત માનસિક સ્થિતિ છે.આઝાદી પુર્વેથી જનમનગણ...અને વંદે માતરમ્ .. અંગેના વિવાદ રહ્યા છે.વંદે માતરમ મુસ્લીમ નેતાઓના વિરોધને કારણે વિવાદમાં આવ્યું.

દેશમાં શિક્ષણમાં ભગવાકરણનો એક પ્રોસેસ ચાલી રહ્યો છે. તેના કારણે ઈતિહાસને તોડી મરોડીને શિક્ષણમાં દાખલ કરવામાં આવી રહ્યો હોવાનું કેટલાક શિક્ષણ સાથે સંકળાયેલા લોકોના હોબાળાને કારણે બહાર આવ્યું છે. શિક્ષણ સંસ્થાઓમાં ઉભી થઈ રહેલા વધુ પડતા ચંચુપાતને કારણે કેટલાક સારા લોકો હવે સરકારી કમિટિઓમાંથી ફારેગ થવા લાગ્યા  છે. કારણે તેમને ખોટો બદલાવ પસંદ નથી.જેના કેટલાક તાજેતરના બહાર પડેલા દાખલાઓ પરથી માલુમ પડે છે.

સત્તા સ્થાન પર આવ્યા બાદ જે લોકોના મનમાં કેટલીક વિકૃત માન્યતાઓ ઘર કરેલી હતી તે હવે ધીમે ધીમે બહાર આવવા લાગી છે. પરિણામે લોકસભામાં લોકોએ વિકાસના નામે જે મતોથી મોદીની મતપેટીઓ છલકાવી દીધેલી,તેમની સુરાજની કલ્પનાઓ પડી ભાંગી રહી છે.વધુમાં નવયુવાન પેઢીઓને મોબાઈલ અને ઈન્ટરનેટ કલ્ચરને કારણે ઝડપથી પ્રગતિ કરવી છે પરંતુ દિશાસુઝ ના હોવાને કારણે અવળે માર્ગે વળી રહ્યા છે પરિણામે આપણે એવા સમાજનું નિર્માણ કરી રહ્યા છે કે જે આવનાર પેઢીને અધોગતિ તરફ લઈ જશે.

પંજાબમાં તાજેતરમાં સરકાર ખુદ સારો અને સસ્તો દારુ બજારમાં ઉપલબ્ધ કરાવી રહી છે. કારણકે તેમની યુવા પેઢીના મોટો વર્ગ ડ્રગ્સના રવાડે ચઢી ચુક્યો છે.તેમને આ લતમાંથી છોડાવીને પાછો લાવવો હોય તો તે માટે તેમને સારો અને સસ્તો દારુ આપવો પડે તેવું સરકારને લાગી રહ્યું છે.વધારે ખરાબ કરતાં ઓછુ ખરાબ સારુ તે નિતી અપનાવાઈ રહી છે.આપણે કઈ દિશામાં વળી રહ્યા છે.વિવાદો મતમતાંતરો દ્વારા દેશને વિકાસ અને વિનાશની ગર્તામાં લઈ જઈ રહ્યા છે.એકંદરે તો આ બધામાંથી એકતાનું મીડું નીકળી જશે.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધું પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## લઘુમતી સમુદાયના લોકો પોતાના દસ્તાવેજોને હવે પ્રમાણિત કરી શકશે

હવે લઘુમતિ સમુદાયના લોકોએ સરકારની કલ્યાણકારી યોજનાનો લાભ લેવા માટે અધિકારીઓ પાસેથી પ્રમાણપત્ર પ્રાપ્ત કરવાની જરુર નહીં રહે.કારણ કે કેન્દ્ર સરકારે હવે સ્પષ્ટ કરી દીધું છે કે લઘુમતી સમુદાયના લકો હવે તેમના પ્રમાણપત્રો જાતે જ પ્રમાણિત કરી શકશે.અલ્પસંખ્યક કાર્ય મંત્રાલયે તાજેતરમાં જ રાજ્યોને મોકલેલા એક પત્રમાં જણાવાયું હતું કે દસ્તાવેજોના સંદર્ભે એ સુચિત કરવામાં આવ છે કે અલ્પસંખ્યક કાર્ય મંત્રાલય તરફથી ચલાવવામાં આવી રહેલ યોજનાઓના લાભ લેવા માટે અલ્પસંખ્યક પ્રમાણપત્ર અનિવાર્ય નથી. કેન્દ્ર સરકારે મુસ્લીમ,ઈસાઈ, શીખ,બૌધ્ધ,પારસી અને જૈન ધર્મના લોકોને લઘુમતી સમુદાય હેઠળ અધિસુચિત કર્યા છે.સરકાર તરફથી સ્વ પ્રમાણને સ્વીકાર કરવાનો નિર્ણય લીધા બાદ તેની અનિવાર્યતા હટાવી લેવામાં આવી છે. મંત્રાલયે આ નિર્ણય એવા સમયે લીધો છે જયારથી લઘુમતી સમુદાયો ખાસ કરીને જૈન સંપ્રદાય તરફથી ફરિયાદ મળી છે કે પ્રમાણપત્રની ગેરહાજરીમાં તેમને સરકારી યોજનાઓનો ફાયદો નથી થઈ રહ્યો.સરકાર તરફથી આ નિર્ણય લઘુમતી સમુદાયોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ સુધારવા માટે કેટલીક યોજનાઓ શરુ કર્યા બાદ આવ્યો છે.

સરકારે અગાઉ પણ લઘુમતિ સમુદાયના લોકોને ફાયદો કરાવવા માટે પગલાં લીધા હતા.હાલમાં ભલે કેટલાક હિંદુ સંગઠનો લઘુમતિઓને ટાર્ગેટ કરી રહ્યા હોય પણ સરકાર લઘુમતિઓની કલ્યાણકારી યોજનાઓ માટે કટીબધ્ધ થઈ છે. કેન્દ્ર સરકારે લઘુમતિઓને બેંકમાંથી સરળતાથી લોન મળે તે માટે પબ્લીક સેકટરની બેંકોને લોન આપવા માટે આદેશ કર્યો હતો.આ લોન લઘુમતિ સમુદાય માટે નિર્ધારિત કરવામાં આવેલ ૬ ટકાના ક્વોટામાંથી આપવામાં આવનાર છે. સરકારના આ પગલાંથી મુસ્લીમ અને ઈસાઈ સમુદાયના લોકોને સરળતાથી લોન મળી શકશે.

## ઝારખંડના પેટાળમાં અધધ સોનું હોવાના અહેવાલોએ ઝારખંડની જમીનોની કિંમતો આસમાને

જીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા દ્વારા ઝારખંડની ધરતીમાં એક લાખ ટનથી વધુ સોનું ધરબાઈને પડ્યું હોવાની સંભાવનાએ ઝારખંડની જમીનોની કિંમતો આસમાને પહોચી છે.

જીએસઆઈના એક સર્વેક્ષણમાં ઝારખંડના તમાડ પ્રદેશમાં ડ્રિલિગ કરીને નમુનાની ચકાસણી કરાઈ હતી.જીએસઆઈએ જણાવ્યું હતું કે તમાડની ધરતીમાં સોનાનો વિશાલ ભંડાર પડ્યો છે.આ ભંડાર એક લાખ ટનથી વધુ હોઈ શકે છે.જેની બજાર કિંમત પચ્ચીસ હજાર કરોડથી વધુ થાય.તે ઉપરાંત નમુનામાં સોનાની ગુણવત્તા ભારતીય માનકો પ્રમાણેની હોવાનો દાવો જીએસઆઈ દ્વારા કરાયો હતો.

ઝારખંડ તમાડે જિલ્લાના સિંદુરી,લંગટુ, હેપસેલ અને પરાસીની ધરતી નીચે સોનાના વિશાલ ભંડારો ધરબાયેલા પડ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઝારખંડના સિહભુમમાં એક ગોલ્ડ બ્લોક પહેલેથી મળી આવ્યો છે. તમાડની આસપાસ વિસ્તારોમાં ૧ ૨ સ્થળોએ ડ્રીલીંગ કરાયું હતું. તેના આધારે ઝારખંડના અન્ય વિસ્તારોમાં સોનાના ભંડારો હોવાનો દાવો કરાયો છે.

ઝારખંડમાં જીએસઆઈના નિર્દેષક આર.કે. પ્રસાદે ૨૦૧૧માં સરકારને પત્ર લખીને આ વિસ્તારમાં સોનાના ભંડાર હોવાની માહીતી આપી હતી.તમાડ,સિંદુરી અને પરાશી ગામ સુવર્ણરેખા નદીની નજીક આવેલા છે. એમ માનવામાં આવે છે. છોટાનાગપુરની ઘાટીમાંથી નિકળતી આ નદીની રેતીમાં સોનાના કણો મળી આવે છે.

## ભારતમાં કરોડપતિની સંખ્યામાં વધારો, અને ગરીબોની સંખ્યામાં પણ વધારો થઇ રહ્યો છે

આમ તો ભારત ગરીબોનો દેશ છે અને દેશ આઝાદ થયા બાદ દેશમાં આવેલી તમામ સરકારોએ દેશમાંથી ગરીબી હટાવવાના ભાર પુર્વકના પ્રયત્નો કર્યા છે. પરંતુ ગરીબી હટી નથી ઉલટાની ગરીબી વધી છે. તેનું એક કારણ કે દેશની વસતી પણ કુદકે અને ભુસકે વધી છે. દેશના ગરીબો વધુ ગરીબ બન્યા છે તેવું પણ બન્યું છે.પરંતુ તાજેતરમાં બહાર આવેલા આંકડાઓ મુજબ દેશમાં લખપતિઓ નહી પરંતુ કરોડપતિઓની સંખ્યા વધી રહી છે.

ભારતમાં ૨૦૧૮ સુધીમાં કરોડપતિઓની સંખ્યા ૪.૩૭ લાખની થશે.જયારે ૨૦૨૩ સુધીમાં આ સંખ્યા બમણી થઈ જશે.વેલ્થ એકસ દ્વારા કરવામાં આવેલો આ અભ્યાસ જણાવે છે કે આવનારા ૧૦ વર્ષોમાં ધનિકોની સંખ્યા ઝડપથી વધી જશે.કેન્દ્રમાં મોદી સરકારના નવા આર્થિક સુધારા અને આર્થિક આશાવાદ તેમજ નવા નવા પ્રોજેક્ટોને કારણે અત્યંત ધનિકોની સખ્યામાં ઝડપથી વધારો થશે.ભારતમાં કરોડપતિઓની સંખ્યા ડોલરના સંદર્ભમાં છેલ્લા વર્ષોમાં ૧,૯૬,૦૦૦થી ૨૭ ટકા વધીને ૨.૫૦,૦૦૦ની થઈ છે.વેલ્થ એકસે તેના ડિકેડ્સ ઓફ વેલ્થ : ધ નેકસ્ટ ૧૦ યર્સ ઈન્ વેલ્થ એન્ડ લકઝરીમાં જણાવ્યુ  છે કે આવનારા દાયકામાં ભારત અને સાઉથ આફ્રિકા જેવા ઉભરતા બજારોમાં કરોડપતિઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે.

દેશમાં ધનિકોની માત્રા ખુબજ જોરથી વધી રહી છે. તેની સામે આવકવેરો ભરનારાની સંખ્યા વધતી નથી. તેથી વધુને વધુ લોકો આવકવેરાની જાળમાં આવે અને સરકારી આવક વધે માટે સરકાર ભરપુર પ્રયાસો કરી રહી છે. જેથી સરકારની તિજોરીમાં વધારાની આવક આવી શકે.

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# ૨૦૦૫ પહેલાની ચલણી નોટો બદલવાની મર્યાદા છ મહિના વધુ લંબાઇ

રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાએ ૨૦૦૫ પહેલાની ચલણી નોટો બદલવા માટેની મર્યાદા વધુ છ મહિના લંબાવી દીધી છે. હવે ૩૧મી ડિસેમ્બર સુધી ૨૦૦૫ પહેલાની ચલણી નોટો બદલી શકાશે.રિઝર્વ બેંકના જણાવ્યા પ્રમાણે સુરક્ષાની દષ્ટિએ નિયમિત પ્રક્રિયા હેઠળ મહાત્મા ગાંધીની સીરીઝની ૨૦૦૫ પહેલાની ચલણી નોટો પરત લેવામાં આવનાર છે. બેંકનું કહેવ છે કે નવી નોટોમાં વધુ સુરક્ષાની જોગવાઇ કરવામાં આવી છે. જુની નોટો પર છાપવામાં આવેલી નોટોનો સમય લખેલો નથી. જ્યારે નવી નોટોના મધ્યભાગમાં નોટ છાપવાનું વર્ષ લખેલું છે.બેંકે અગાઉ કહ્યું હતું કે દેશના સામાન્ય લોકો ૩૦મી જુન સુધીમાં કોઇ પણ બેંકની કોઇપણ શાખામાં ૨૦૦૫ પહેલાંની નોટોને બદલી શકશે.જ્યારે હવે રિઝર્વ બેંકે આ તારીખમાં ફેરફાર કરીને તેને બદલવાની સમય મર્યાદા વધારી દીધી છે.

આરબીઆઇનું કહેવું છે કે હાલમાં વપરાશમાં રહેલી જુની ચલણી નોટોની સંખ્યા ઓછી છે. જેથી તેને પરત લેવાથી જનજીવન પર કોઇ અસર નહીં થાય. આ નોટો સંપુર્ણ પણે સુરક્ષિત છે.

# રેલ્વે મુસાફરીમાં પ્રવાસીના સામાનને વીમા કવચથી સુરક્ષિત કરી શકાશે

રેલ્વેમાં માલસામાનની ચોરી થવાના બનાવો છાસવારે બનતા હોય છે.જેના કારણે મુસાફરની જીંદગીભરની પુંજી લુંટાઇ જાય છે.ભારતીય રેલ્વે દ્વારા સુરક્ષાની વાતો કરવામાં આવે છે.તેમ છતાં ચોરીના બનાવોની સંખ્યા ઓછી થતી નથી.

અમદાવાદ રેલ્વે ડીવીઝનના સુત્રોના જણાવ્યા પ્રમાણે આ યોજના અંતગર્ત ટિકીટ બુક કરાવતી વખતે પ્રવાસીએ પોતાના કિંમતી સામાનની વિગત આપવી પડશે. કિંમતી માલસામાનનો વીમો કરવા માટે પ્રવાસીએ નજીવો ચાર્જ પણ ચુકવવો પડશે. મુસાફરની ટીકીટ કન્ફર્મ થતાંની સાથે તેના માલસામાનનો પણ વીમો થઇ જશે.વીમો કરાવ્યા બાદ મુસાફરી દરમિયાન યાત્રીનો માલસામાન ચોરાય અથવા ખોવાઇ જાય તો વીમા કંપની તે માટે જવાબદાર રહેશે.અને વીમામાં થયેલી રકમની ભરપાઇ કરશે.જનરલ ઇન્સ્યોરન્સ અતગર્ત વીમાને બેગ્સ ઇન્સ્યોરન્સ નામ આપવામાં આવશે. રેલ્વે સુત્રોના જણાવ્યાનુસાર આગામી છ મહિનામાં આ સુવિધા શરુ થઇ જશે.ઓનલાઇન બુકિંગ કરતા પ્રવાસી રિઝર્વેશન કરાવશે ત્યારે માલસામાન વિમા માટે એક વિકલ્પ આપવામાં આવશે.જેને પસંદ કરતાંની સાથે વિમાના ચાર્જનો વિકલ્પ મળશે જેને સિલેક્ટ કરતાં પ્રવાસીના માલસામાનનો વિમો થઇ જશે.

# જરસી ગાયનું દુધ પીવાને લાયક હોતું નથી : જાહેર હિતની અરજી

જરસી ગાયના દુધ પેકેટ પર જરસી ગાયનું દુધ અને દેશી ગાયનુ દુધ તેવી સુચના ફરજીયાત રાખવા માટે જાહેર હિતની અરજીના જવાબમાં સરકારે એવી દલિલ કરીને પોતાના ગળામાંથી ગાળીયો હમણાં તો બહાર કાઢી દીધો છે.

સરકારે દલીલ કરી હતી કે કેન્દ્ર સરકારના ફુડ ઓથોરીટી ઓફ ઇન્ડીયાએ આ મામલે નિષ્ણાંતોની સમિતિ બનાવી દીધી છે અને આ કમિટિ જરસી ગાય અને દેશી ગાયના દુધમાં રહેલા તત્વો વિશે સંશોધન કરી રહી છે.અરજદારે ફોરમમાં અરજી કરવાને બદલે કોર્ટમાં કરેલી અરજી ખારીજ થવી જોઇએ.

જરસી ગાયના દુધમાં મળીઆવતાં ઝેરી તત્વોને લીધે ડાયાબીટીશ,નાની ઉંમરે મૃત્યુ,હાઇ બ્લડ પ્રેશર જેવા રોગ થાય છે.સરકાર આ બાબતે સત્ય સામે લડવાને બદલે અન્ય બાબતોનો ઉપયોગ કરીને અરજીને અમાન્ય કરી રહીછે.

# માનવીની મોબાઇલ યાત્રા

શાળાના સંસ્મરણો નિબંધ વાંચ્યા પછી એકાએખ મને કોલેજકાળના મોબાઇલનું સ્મરણ થઇ ગયું. જ્યારે હું કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહ્યો હતો તે દરમિયાન રિશેષમાં અમે કેટલાંક ગામડિયા મિત્રો કોલેજની લોબીમાં ઉભા હતા. ત્યાં જ એક યુવાન આવ્યો અને અમને કહ્યું, નોકિયાનો મોબાઇલ લેવો હોય તો રુપીયા ૧૫૦૦માં સેકન્ટ હેન્ડ વેચવો છે. તે સમયે મોબાઇલનો હજુ જન્મ જ થયો કહેવાય.દુનિયાના આંગણે હજી રમી રહ્યો કહેવાય. દુનિયામાં ચાલતા શિખ્યા પછી દોડવાની કોશિશ કરી રહ્યો હતો. મોબાઇલ જોઇને સૌ મિત્રોને ખરીદવાની તાલાવેલી જાગેલી તેવી જ રીતે મને પણ તાલાવેલી જાગી હતી.પણ મારા ખિસ્સામાં તે સમયે છપ્પનીયો દુકાળ હતો. મોબાઇલની કિંમત ૧૫૦૦ પણ તે સમયે અમારા માટે ખુબ મોટી રકમ કહેવાય. એક સાંધે અને ત્યાં તેર તુટે તેવી પરિસ્થિતિ અને બોર્ડિંગનો ખર્ચ દર મહિને પરવડે તેમ નહોતો તેથી મનનો ઓરતો મનમાં જ રહી ગયો. ત્યારબાદ છાત્રાલયના એક મિત્ર પાસે મોબાઇલ હતો તેના સહારે માં-બાપ સાથે વાત કરતાં પણ ક્યારેક તે મિત્ર દગાબાજ નિકળતો કારણકે ક્યારેક માં-બાપ ફોન કરે ત્યારે તે જુઠુ બોલતો અને તે વટભેર કહેતો અહીં છાત્રાલયમાં હાજર નથી.ત્યારબાદ માસ્ટર ડીગ્રી પુર્ણ કર્યા પછી માંડ માંડ મોબાઇલ હાથમાં આવ્યો.અને આજે સ્માર્ટ મોબાઇલનો ઉપયોગ કરનાર યુવાનો ડબલું કહે છે. વાત આગળ વધારતો નથી કોલેજકાળનો સીન કટ.

એક એવો સમય હતો જ્યારે કોઇ યુવાન આદિવાસી વિસ્તારમાં રસ્તે ટી-શર્ટ,જીન્સ પેન્ટ,ગોગલ્સ અને સ્પોર્ટસ શુઝથી સજ્જ થઇ રસ્તે જતો હોય અને મોબાઇલ પર વાત કરતો હોય ત્યારે રસ્તાની આજુબાજુ ખેતરનું કામ પડતું મુકીને ભાઇ-બહેનો તે યુવાનને જોઇને અચરજ પામતા અને કહેતા પણ ખરા કે જુઓ જુવાનીયો મોબાઇલ પર વાત કરે છે. પણ આજે બળદગાડું હાંકતો ખેડુત મોબાઇલ પર હેલો ...હેલો ..જેવા શબ્દો બોલીને પેલા જુવાનીયાને પણ પાછળ પાડી દીધો છે. લગભગ દશ વર્ષ પહેલાં મોબાઇલ માટે માત્ર પ્લોટ પાડવામાં આવ્યા હતા.પણ આજે આખે આખી સોસાયટી બની ગઇ છે.અલગ અલગ કંપનીઓ એક એકથી ચડિયાતી સ્કીમની જાહેરાતોના બેનર બજારમાં જોવા મળતા હોય છે.તેમાં લખાણ આ પ્રમાણે હોય છે. સો રુપીયાના રિચાર્જ પર સો નો ફુલ ટોકટાઇમમાં સોનાનો ધોધમાર વરસાદ.જ્યારે ગ્રાહક રીચાર્જ કરાવ્યા પછી બેલેન્સ પુરી થવા આવે ત્યારે ખ્યાલ આવે કે આ તો માત્ર માવઠું જ હતું. ટેલીફોન રેગ્યુલેટ્રી ઓથોરીટી ઓફ ઇન્ડીયા(ટ્રાઇ)ના આંકડાઓ પ્રમાણે ૨૦૧૪ થી ૨૦૧૫ના એક વર્ષના ગાળામાં રાજ્યમાં ૩૩.૪ લાખ મોબાઇલ ધારકો વધ્યાં છે.માત્ર એક જ વર્ષમાં ગુજરાતે દિલ્હી,કર્ણાટક,અને રાજસ્થાન જેવા રાજ્યોને પાછળ છોડી દીધા છે. અને ગુજરાતમાં દર સો વ્યક્તિઓમાંથી ચોરાણું વ્યક્તિઓ મોબાઇલનું કનેકશન ધરાવે છે. રાજ્યની કરોડની વસ્તી સામે કુલ ૫.૭ કરોડ મોબાઇલ કનેકશન થઇ ગયાં છે.

મોબાઇલની વસ્તી જેમ જેમ વસ્તી વધતી ગઇ તેમ તેમ માનવીની વાત કરવાની ઢબ પણ બદલાઇ ગઇ છે. અને જેમ બાળપણમાં ભમરડો હાથ પર ફેરવતાં હતા તેમ આજે મોબાઇલને હાથ પર ગોળ ગોળ ફેરવવામાં આવે છે. ઘણી વ્યક્તિઓ મોબાઇલ પર વાત કરે ત્યારે સામેની વ્યક્તિ સાથે ઝગડો કરે તેમ આપણને લાગે છે.પણ હકીકતમાં તે વ્યક્તિની વાત કરવાની શૈલી એવી જ હોયછે. તેનો પરચો આપણને રેલ્વે સ્ટેશન કે બસ સ્ટેશન અને ઓફીસોમાં જોવા મળે છે. જાહેરમાં સભાઓના મંડપમાં થાંભલે થાંભલે નાનકડાં પાટીયા લટકાવવામાં આવે છે વળી તેના પર મોટા અક્ષરે લખેલું હોય છે. શાંતિ જાળવો,પણ તે લખાણ નીચે બેઠેલા વ્યક્તિઓમાંથી કોઇકનો મોબાઇલ રણકે ત્યારે તે વ્યક્તિ હેલો ..હેલો..કોણ જેવા શબ્દો બોલીને અવાજમાં પ્રદુષણ ફેલાવે છે. ત્યારે હેજી રે મારો હેલો સાંભળો જેવો ગરબો મને ખુબ વહાલો લાગે છે.

આજે મોબાઇલ ધારકો જેમ જેમ વધતા જાય છે તેમ તેમ રોડ અકસ્માત કરતાં થાંભલા અકસ્માત વધારે જોવા મળે છે.કારણકે યુવાન-યુવતીઓ મોબાઇલમાં એટલા બધા વ્યસ્ત હોય છે કે પોતે ક્યાં જાય છે તે પણ ભાન ભુલી જતા હોય છે. કટોકટીના સમયમાં પણ આજનો યુવાન એક ઝલક માટે મોબાઇલ મચડી લેતો હોય છે. આખો દહાડો મોબાઇલમાં ફેસબુક,વોટ્સઅપનો ઉપયોગ કર્યા પછી પણ મિત્રો સમક્ષ પોતાની વેદના ઠાલવતાં કહેતો હોય છે કે આજે તો ફેસબુક વોટ્સએપ તો ખોલ્યું જ નથી. તેથી જ આજનો યુવાન ટાઇમ નથી,જેવા ભયંકર શબ્દોનો સામનો કરી રહ્યો છે.

બસ સ્ટેશન અને રેલ્વે સ્ટેશનમાં મોબાઇલ ચાર્જીંગના પ્લગ ચોવીસ કલાક વ્યસ્ત હોય છે.જેમ બસ મુસાફરી માટેનો પાસ કઢાવવા લાઇન જોવા મળે છે તેમ મોબાઇલ ચાર્જીંગ માટે પણ લાઇન જોવા મળે છે. કેટલાક લોકો મોબાઇલ ચાર્જીંગ કરતાં કરતાં જમીન પર મીઠી નિંદ્રા માણી લેતા હોય છે.મોબાઇલના કારણે આજે માનવી માનવીય થવાને બદલે મોબાઇલમય થઇ ગયો છે. બે મિત્રો ગોષ્ઠી કરતા હોય અને બેમાંથી એક પર ફોન આવે તો જસ્ટ એક મિનિટ કહીને અડધો કલાક કે કલાક નીકળી જતો હોય છે. અને બે વચ્ચેની વાતમાં વિક્ષેપ પડી જતો હોય છે.ઘણાંય લોકો વાત કરતાં જાય અને અન્ય સાથે મોબાઇલ પર ચેટ કરતાં જાય છે.આ રીત રિવાજે હમણાં હમણાં બહુ જોર પકડયું છે.યુવાન-યુવતીઓ જ નહીં તરુણ -તરુણીઓ પરીક્ષાની તૈયારી ચાલતી હોય ત્યારે કેટલાંય તરુણ-તરુણીઓ ભણવાની વચ્ચે પાંચ મિનિટે ફોન ચેક કરતાં જોવા મળે છે.

આમ મોબાઇલે માનવીના જીવનમાં ધુમ મચાવી છે. જેમ સમય બદલાય છે તેમ મોબાઇલનું સ્વરુપ પણ બદલાતું જાય છે.આવનાર સમયમાં મોબાઇલનું બજેટ કેવું હશે તે સમય જ કહેશે.આજના યુગમાં મોબાઇલ ડેની ઉજવણી પણ થઇ જાય તે નક્કી ના કહેવાય.માનવીની મોબાઇલ યાત્રામાં વિસામો ક્યારે થશે તેનો અણસાર ક્યાંય દેખાતો નથી.

મથુર વસાવા.ઉના.
જી.ગીર સોમનાથ


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨



લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

ગીડીયોન પોલ પરમાર

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬



| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન,<br>જીવન સાહિત્ય ભંડાર,<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી ભાઇલાલભાઇ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઇ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |

# સ્માર્ટ ફોન...

અર્વાચીન યુગ ઈલેકટ્રોનીક ટેકનોલોજીનો યુગ કહેવાય છે. આજે ઘડીના છઠ્ઠા ભાગમાં તમે ગમે ત્યાં સમાચાર મોકલી શકો છો. તેને જોઈ શકો છો વગેરે. હવે તો તમારે પુસ્તકાલયમાં જવાની તકલીફ લેવાની જરુર નથી.બધીજ માહિતી ઈન્ટરનેટ પરથી મળે છે. ડ્રાઈવીંગ કરો ત્યારે જવાનું છે તેનો નકશો તમારી આગળ કારમાં હશે ને તમને કઈ બાજુ વળવું ... યાદ કરાવશે.

નીચેના આંકડાઓ પ્રસ્તુત ઉપકરણો કેટલી માત્રામાં ભારતમાં છે તેની ઝાંખી કરાવે છે. મોબાઈલ ઈન્ટરનેટનો ઉપયોગ કરનારા ૧૫૯ મીલિયન(ઈ.સ.૨૦૧૫) ૪૦ મિલિયન ગ્રામ્યવિસ્તારોમાં.

યુ.એસ.કરતાં વધુ લોકો ભારતમાં સ્માર્ટ ફોન વાપરે છે. નજીકના ભવિષ્યમાં તેની સંખ્યા ૧.૬ બિલિયન થઈ જશે.

આ પ્રકારની આધુનિક સુવિધાઓ આપણને મળી પરંતુ તેની પાછળ જે શિસ્ત જોઈએ તે આપણે નથી જાતે શીખ્યો કે નથી કોઈએ આપણને શીખવ્યું.એટલે તો એવા તો ઉપકરણોનો વિવેકપુર્ણ ઉપયોગ કરતાં આપણને નથી આવડતું જેને લીધે તેનો બેફામ ઉપયોગ કરીએ છીએ.ઉપયોગી થાય, ખાસ કરીને જ્ઞાનપ્રાપ્તિ માટે તેનો સદપયોગ કરી શકીએ અને એ માટે અમુક શિસ્તની જરુર છે.એના અભાવે ‘જુના કપડાં પર નવા કપડાનું થીગડું મારવા જેવી’આપણી હાલત થશે.આવા ઉપકરણો તેમને માટે વળગણ બની જાય છે.તથા કિમતી સમય બગાડે છે.ઉપકરણો તેમના અભ્યાસમાં કે કારકીર્દી ઘડવામાં સહાયરુપ બનવાને બદલે અડચણરુપ બને છે.એટલે તો મનોચિકત્સકો હવે આપણ સહગુને આ બાબતે ચેતવણી આપવા લાગ્યા છે જેથી આપણે આવા ઉપકરણોના ઉપયોગ બાબતે સાવધાન રહીએ અને તેનાથી થતાં નુકશાનથી બચી જઈએ.આ અંકમાં આ વિષયે વાચકોને થોડુંક માર્ગદર્શન આપીશું. નિષ્ણાંતોએ કરેલા એક અભ્યાસ દ્વારા નીચેની માહિતી ઉપલબ્ધ થઈ છે.

**સ્માર્ટ ફોન** ૧ .ધ્યાન કેન્દ્રીત કરવાની આપણી ક્ષમતામાં ઘટાડો કરે છે.૨. યાદદાસ્તને નબળી બનાવી દે છે. ૩.તર્કબધ્ધ પૃથ્થકરણ કરવાની -ઝીણવટથી તપાસવાની -ક્ષમતા ક્રમશ : ઓછી થાય છે.૪. બેધ્યાન( ભટકતું માનસ) કરી દે છે.૫.આપણને અવાસ્તવિક બનાવે છે.૬.મિત્રો-પરિવારજનો આદિ સાથેના તથા એ પ્રકારના પરસ્પર સબંધોમાં ઘટાડો કરે છે. ૭.સાદી ગણતરી માટે પણ ઉપકરણ વાપરવાની ફરજ પાડતાં બનાવી દઈને આપણને પરાવલંબી બનાવી દે છે.

**તમારો સ્માર્ટ ફોન તમને ચાલાક(સ્માર્ટ)કેઉલ્લુ (સ્ટુપીડ) બનાવે છે તે તમારે જાણવું છે ?**

**૧.તમે મોટે ભાગે શા માટે ફોનનો ઉપયોગ કરો છો ?**

(અ.)સંપર્કમાં રહેવા માટે.(બ.)મારા કામ-નોકરી-જોબના સંદર્ભે (ક)સમાચાર મેળવવા (ડ) ફોટા ( સેલ્ફીસ) પાડવા માટે

**૨.તમારા ફોન સાથેનો તમારો નાતો કેવો છે ?**

(અ)મારી પાસેજ રાખુ છું.(બાથરુમમાં જાઉ ત્યારે પણ).(બ) રાત્રે ૧૧ વાગે તેને સ્વીચ ઓફ કરી દઉ છું. (ક)મને ક્યારેક કંટાળો આવે કે બોર થઈ જાઉ ત્યારે તેને યાદ કરીને મનમાં વાગોળ્યા કરુ છું.(ડ)મારી બધી પ્રવૃત્તિઓમાં એ મારી સાથે હોય છે ને તેનો હું ઉપયોગ કરતો રહું છું.

**૩.તમે મિત્રો કે કુટુંબ સાથે પાર્ટીમાં ગયા હો ત્યારે શું કરો છો ?**

(અ)હું તેને ટેબલ પર મુકી દઉ છું.(બ)એનો ઉપયોગ ત્યારે હુ કરુ તો એને હું અવિવેક (બેડ મેનર્સ) ગણું છું.(ક)કોઈ મેસેજ આવ્યો છે કે નહીં તે વારે વારે જોઈ લઉં છુ.(ડ)રીંગ વાગે ત્યારે ફોન લઈ,ઉઠીને બહાર જઈને વાત કરું છું.

**૪. કોઇની જોડે સંવાદ -વાતો કરતા હો ચાલતી હોય ત્યારે શું ?**

(અ)સામેની વ્યક્તિ કહે છે તે સાચું છે કે નહિ તે બીજાને ફોન કરીને પુછી લઉ છું. એટલા માટે તો ફોન લાવ્યો છું ને ? (બ)ફોનની રીંગ ભલેને વાગતી હોય અમારી વાત-સંવાદ ચાલુ રાખુ છું.એમાં વિક્ષેપ પડવા દેતો નથી.(ક)ક્યારેક, ક્યારેક ઉપયોગ કરું છું.(ડ)પછીથી હું તેની ખરાઈ કરી લઉ છું. એજ ઘડીએ નહી.

**૫.તમને તમારા ખાસ મિત્રો, કુટુંબજનો અને કોઇ ઓળખીતાઓના ફોન નંબરો મોઢે છે ?**

(અ) એ બધા નંબરો મારા સ્માર્ટ ફોનના મોઢે છે.(બ)મિત્રો-કુટુંબીજનોના તો મોઢે છે.(ક)મારા દાંતના ડોકટર,કરિયાણાની દુકાન,કારની સર્વીસ વર્કશોપ,ક્રિકેટ ગ્રાઉન્ડ..ના નંબરો મોઢે છે.(ડ)મારા ફોનમાં બધું જ છે એટલે યાદ રાખવાની શી જરુર ?

**૬.છેલ્લા પાંચ વર્ષો દરમ્યાન તમે જેને મળ્યા હતા તેમાંના કેટલાના ફો નંબરો તમને યાદ છે.**

(અ) કોઈનોય નહી.(બ) થોડા ઘણાંના (ક)રોજ હું એક નંબર મોઢે કરી લઉ છું જેથી કદાચ ફોન બગડે ત્યારે તકલીફ ના પડે.(ડ)હું મોઢે યાદ રાખવા પ્રયત્ન તો કરુ છું પણ નંબરો મિક્ષ થઈ જાય છે.

**૭.તમે ડ્રાઇવીંગ કરતી વખતે જીપીએસનો ઉપયોગ -કામના સ્થળે પહોચવા, એપોઇટમેન્ટ,પાર્ટીમાં જવાનું ..યાદ રાખવા -કરો છો ?**

(અ)હા, તેના વગર શહેરોમાં રોજ રોજ બદલાતા રોડ..રુટ..કેવી રીતે યાદ રાખી શકાય ?(બ) ના,મારો જવાનો રુટ એકજ છે , જે મને મોઢે છે.(ક) હું રુટ બદલતો રહું છે ને તેને ફોનમાં મુકી દઉ છું.(ડ)મારો મેપ એપ જો ફેઈલ થાય તો હું નિશ્ચિત સ્થળે પહોચી શકતો નથી.

**૮.એક પુરુષ અને સ્ત્રી સાથે સાથે બસમાં ક્યાંક જતાં હોય છે. એક જણ પેલા પુરુષને પુછે છે : તમે કોણ છો ? તમારી વચ્ચે શી સગાઇ છે ?** પુરુષ કહે છે કે મારી સાસુ અને તેની સાસુ, મા-દીકરી છે.

(અ)પરિચીતો(ફક્ત ઓળખીતા)(બ) સસરો ને પુત્રવધુ (ક) માં અને દીકરો (ડ) ગાઢ મિત્રો.

**૯.એક બેટ અને બોલની કિંમત રુ.૧.૧૦ થાય છે.બોલની કિંમત બેટની કિંમત કરતાં ૧ રુપયો ઓછી છે. તો બેટની અને બોલની કિંમત કેટલી ?**

(અ) બેટ : રુ.૧ અને બોલ રુ.૧૦ (બ) બેટ : રુ. ૧.૦૫ અને બોલ રુ.૦.૫ (ક) બેટ રુ. ૧.૧૦ અને બોલ રુ.૦ કારણ ૦ ,૧.૧૦ કરતાં ઓછો છે.(ડ) બેટ.રુ.૧૦૦ અને બોલ રુ.૧૧૦.

ફાધર વિલિયમ રિશ્તા,




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# રેલવે તરફથી યાત્રીઓને વિવિધ સુવિધાઓ પુરી પાડવામાં આવશે

જો ટ્રેન મોડી કે રાત્રે ઓઢવાનો બેડ રોલ ગંદો હશે તો પ્રવાસી સામેથી રેલવેને ફીડબેક આપી શકશે. આઈઆરટીસી દ્વારા રેલવેમાં મુસાફરી કરતા પ્રવાસીઓને સામેથી ૧૩૯ પરથી ફોન આવશે.જ્યાં પ્રવાસીએ રેલવેની વિવિધ સુવિધા અંગેના છ પ્રકારના ફીડબેક આપવાના રહેશે.આમ રેલવેએ યાત્રીઓને સારી સુવિધા પુરી પાડવાનો પ્રયાસ હાથ ધર્યો છે.

મેલ એક્સપ્રેસમાં ટિકિટનું બુકિંગ કરતા પ્રવાસીઓએ ફોર્મમાં તેમનો ફરજીયાત મોબાઈલ નંબર લખવામાં આવે છે.આ મોબાઈલ નંબર પરથી આઈઆરટીસી પ્રવાસીઓને સામેથી ફોન કરી ટ્રેનમાં મળતી સુવિધા અંગેનો ફીડબેક લેશે. આઈઆરટીસી ઈન્ટરેક્ટિવ વોઈસ રિસપોન્સ સિસ્ટમના માધ્યમથી ૧૩૯ નંબર પરથી ફોન કરશે.યાત્રીઓને જે ફીડબેક આપશે તે સબંધિત ઝોનલ રેલવે અધિકારીઓને મોકલવામાં આવશે.જે સબંધિત ઝોનલ રેલવે દ્વારા યાત્રીઓના સંતોષના સ્તર પર વધુ સુધારા લાવવાનો પ્રયાસ કરાશે.

કેટલીક ટ્રેનોમાં એસી કોચમાં કુલિંગ બરાબર થતું નથી.જમવાનું ગુણવત્તાયુક્ત મળતું નથી.કોચમાં ઉંદર ફરતા હોય છે. અને બરાબર સફાઈ થતી ન હોવાથી પ્રવાસીઓને ઘણીય ફરિયાદો હોય છે.

ટુંક સમયમાં રેલવેના પ્રવાસીઓને સ્ટેશન પર પાંચ રુપીયામાં એક લીટર પાણી મળતું થશે. ઈન્ડીયન રેલવે કેટરીંગ એન્ડ ટુરીઝમ કોર્પોરેશન એટલે કે આઈઆરટીસીએ દેશભરમાં ૧૨૦૦ રેલવે સ્ટેશનો પર ૫૦૦૦ વોટર વેન્ડીંગ મશીનો મુકવાનો નિર્ણય કર્યો છે.જેમાં વોટર વેન્ડીગ કંપનીઓ આયોન એક્સચેન્જ યુરેકા ફોબ્સ તેમજ ફેન્ટ આરઓ જેવી કંપનીઓને બિઝનેસ કરવાની તક મળશે. બીજી તરફ લોકો લુંટાતા બચશે.

ઠંડુ પાણી પુરુ પાડવાના આ કંપનીઓ દ્વારા દરેક પ્લેટફોર્મ પર બબ્બે વોટર વેન્ડીંગ મશીનો ગોઠવાશે.પ્રવાસીઓની જરુરીયાત મુજબ લોકોને ૧ રુપીયાથી માંડીને પાંચ રુપીયા સુધીનું પાણી મળશે.

મુંબઈ-દિલ્હી વચ્ચે દોડતી સુવર્ણ જયંતી ઓગષ્ટ ક્રાંતિ રાજધાની એકસપ્રેસ એલર્ટ સેવા પુરી પાડવામાં આવશે.આથી રાત્રીના સમયે જે સ્ટેશન પર ઉતરવાનું હશે તે પ્રવાસી ચુકી જશે નહી. આ એસએમએસ સેવા રાત્રે ૧૧થી સવારે ૬ દરમિયાન ચાલુ રહેશે. મુંબઈ-દિલ્હી બાદ અમદાવાદ-દિલ્હી વચ્ચે દોડતી રાજધાની ટ્રેનમાં પણ આ સેવા શરુ થશે.

હાલમાં એકપણ ટ્રેનમાં એસએમએસ એલર્ટની સુવિધા નથી.ઘણા પ્રવાસીઓ ઉંઘમાં તેઓના ઉતરવાના સ્ટેશન ચુકી જાય છે.અને આગળના સ્ટેશન પર ઉતરવું પડે છે.પ્રવાસીઓની ફરિયાદ છે કે આગળ ક્યું સ્ટેશન આવે છે તેનું કોઈ એનાઉન્સમેન્ટ થતું નથી.જ્યારે સ્ટેશન પર ટ્રેન સ્ટોપ થાય ત્યારે જ ખબર પડે છે.ટ્રેન બે કે પાંચ મિનિટ રોકાતી હોય છે.તેથી આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે શરુઆતના તબક્કામાં મુંબઈ-દિલ્હી વચ્ચે રાજધાની ટ્રેનમાં એસએમએસ ની સુવિધા શરુ કરાશે.


**સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

**ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.